# અમદાવાદ-સુરત વચ્ચે વિમાનીસેવા શરૂ થશે

## આગામી બે માસમાં આ સુવિધા મળી રહેશે તેવો રાજ્યના નાણાં અને નાગરીક ઉડ્ડયનપ્રધાન સૌરભ પટેલનો દાવો

ગાંધીનગર, તા.૦૫

ગુજરાત રાજ્યે છેલ્લા એક દાયકામાં અનેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે, ત્યારે ગુજરાતના મહત્તા સ્થળોને આંતરરાજ્ય હવાઈ સેવાઓનો લાભ આગામી બે માસમાં મળી રહેશે, તેવી માહિતી આજે નાગરીક ઉડ્ડયન મંત્રી સૌરભ પટેલે આપી છે. ગુજરાત વ્યાપારી ક્ષેત્રે ખૂબ અગ્રગણ્ય છે અને રાજ્યના અગ્રણી ઉદ્યોગકારો તેમજ વેપારીઓ અમદાવાદથી સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, કચ્છ જેવા સ્થળોએ અવારનવાર મુસાફરી કરતા હોય છે. રાજ્યના લોકો પણ પોતાના ધંધા રોજગાર અર્થે સમયનો બચાવ કરી તેમના વ્યાપાર ક્ષેત્રના કાર્યો ટૂંકા સમયમાં પૂર્ણ કરી શકે અને કેટલાક આકસ્મિક સંજોગોમાં પણ રાજ્યના દૂર દૂરના એક સ્થળેથી બીજા સ્થળે જવા માટેની મુસાફરી ઝડપી બને તે હેતુસર રાજ્ય સરકારે એક મહત્વનું કદમ ભર્યું છે. આ અંગે રાજ્યની ગુજરાત સ્ટેટ એવીએસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લી દ્વારા ટેન્ડર પ્રક્રિય પૂર્ણ કરીને મેરીટાઈમ એનર્જી હેલી એર સર્વિસીસ (મેહેર) કંપનીની પસંદગી કરી લેવામાં આવી છે. વળી ડોમેસ્ટીક અને ઈન્ટરનેશલ સેવાઓના સમયને પણ ધ્યાને રાખી આવી પ્રાદેશિક હવાઈ સેવાના શિડ્યુઅલનું આયોજન કરવામાં આવશે. રિજીયોનલ એરલાઈનની સેવા પૂરી પાડવા માટે ૯ થી ૧૯ સીટની ક્ષમતાવાળા ઓછામાં ઓછા બે વિમાનોથી શરૂઆતના સમયમાં અમદાવાદ, સુરત, જામનગર, ભાવનગર, ભૂજ, કંડલા, કેશોદ, પોરબંદર, રાજકોટ જેવા શહેરોને સાંકળીને હવાઈ સેવા શરૂ કરવામાં આવસે. મેહેરે કંપનીએ તેમના વિમાનો રાખવા માટે હાલના તબક્કે સુરત અને અમદાવાદ શહેરોની પસંદગી કરેલ છે. નજીકના ભવિષ્યમાં આ અંગેનું સમયપત્રક પણ નક્કી કરી લેવામાં આવશે.



નગરના સેકટર-૨૯માં તંત્ર દ્વારા આંતરિક રસ્તાઓનું રીપેરીંગ ચાલી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)




ડોર ટુ ડોર કચરો એકત્રિત કરતા કોર્પોરેશનના મીની કન્ટેઈનરો અગાઉ ટ્રકમાં કચરો ખંખેરતા જતા હોવાની બૂમરાણનું કારણ બન્યા હતા જયારે આજે કચરો એકત્રિત કરતા સેકટરોની શેરીઓમાં ઘુમતા કોર્પોરેશનના વાહનની નંબર પ્લેટ પણ શહેરીજનોમાં અચરજ સાથે ચર્ચાનો વિષય બની હતી. વાહનની આગળ અને પાછળની નંબર પ્લેટમાં અલગ અલગ આંકડાઓની ભરમારે નાગરિકોને બે ઘડી વિચારમાં મુકી દીધા હતા. આર.ટી.ઓ. દ્વારા ફીટ કરાયેલી હાઈ સિકયુરીટી નંર પ્લેટ દરમિયાન ભૂલના પરિણામે આમ બન્યું હોવાનું પણ મનાઈ રહ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# આર.ટી.ઓ. કચેરીની અંદર-બહાર ટ્રાફિક જામ : 'ગ'માર્ગ પણ બ્લોક !

## પાસીંગ અને ડીટેઈન વાહનોની ભરમારના લીધે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ

ગાંધીનગર, તા.૫

શહેરમાં આર.ટી.ઓ. કચેરી પાસે આજે ટ્રાફિક ચક્કાજામ થયેલો જોવા મળ્યો હતો. આર.ટી.ઓના સંકુલમાં પણ પાસિંગ માટે આવેલા તેમજ ડીટેઈન વાહનોનો ખડકલો થયો હતો જયારે 'ગ' માર્ગ પણ ચક્કાજામની સ્થિતિના લીધે થોડા અંતર સુધી વન વે થઈ ગયો હતો!

મેટ્રોસીટીની જેમ ગાંધીનગરમાં પણ દિન પ્રતિદિન વાહનોની સંખ્યા વધતી જાય છે. જેના પરિણામે શહેરના માર્ગો પર હવે પીકઅવર્સમાં ટ્રાફિક જામના દશ્યો પણ નજરે પડે છે. વધતા વાહનોની સંખ્યાના લીધે ટ્રાફિકને લગતી સમસ્યા ઉપરાંત પ્રદુષણની માત્રા પણ ગ્રીનસીટી માટે ચિંતાનો વિષય બની છે. આ ઉપરાંત પૈડા પરની જિંદગી પણ જોખમી બની છે. આજે પણ આર.ટી.ઓ. કચેરીનું સંકુલ વાહનોથી ખચોખચ જોવા મળ્યું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ નવી ગાડીઓ ઉપરાંત રજીસ્ટ્રેશનની પ્રક્રીયા માટે પણ ઢગલાબંધ વાહનો આર.ટી.ઓ. કચેરીમાં ખડકાયા હતા. આ ઉપરાંત ડીટેઈન થયેલા વાહનોના લીધે આ વિસ્તારમાં આજે વાહનોની ભરમાર જોવા મળી હતી. થોડીવાર માટે તો 'ગ' માર્ગ ઉપર પણ આર.ટી.ઓ. કચેરી પાસે વાહનોની કતાર જામી હતી. જેના લીધે રોડની એકસાઈડ બ્લોક થઈ ગઈ હતી. આમ આર.ટી.ઓ. કચેરીની અંદર-બહાર વાહનોનો ખડકલો જામ્યો હતો.

# ખેતીવાડી સમિતિમાં ભીખીબેન ચેરમેન નિમાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન તરીકે આજે શ્રીમતી ભીખીબેન ઠાકોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કાર્યકારી ચેરમેન શ્રી ગાભાજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલી સમિતિની બેઠકમાં શ્રી જયેશ પટેલે ભીખીબેનના નામનો પ્રસ્તાવ મુકયો હતો અને શ્રી ઠાકોરે તેનું સમર્થન કર્યું હતું. આજની આ બેઠકમાં કોંગ્રેસના બે સભ્યો ગેરહાજર રહ્યા હતા.

શ્રીમતી ભીખીબેન ઠાકોરે આજે જ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લેતા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, શ્રીમતી ઉષાબેન પટેલ, શ્રી સદેસિંહ ઝાલા, શ્રી ગાભાજી ઠાકોર, શ્રીમતી મંગીબેન પટેલ સહિતના આગેવાનોએ તેમને અભિનંદન સાથે પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી સમિતિના તેઓ પ્રથમ મહિલા ચેરમેન બન્યા છે. તેમણે જિલ્લામાં કૃષિ વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની ખાત્રી આપી હતી.

# વિવિધ લખાણો વાળી નંબર પ્લેટ ધરાવતા ૨૩૭ ચાલકો સામે કાર્યવાહી

## સરકારી કર્મચારી-અધિકારીઓ તથા પોલીસ પણ ઝપટે ચઢયા : ૧૫ હજારનો દંડ વસુલાયો : ૧૧ વાહનો ડીટેઈન

ગાંધીનગર જિલ્લામાં વાહનો પર નંબર પ્લેટમાં વિવિધ અનઅધિકૃત લખાણો ચિતરીને ફરતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવા પોલીસે ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં એલસીબીએ જિલ્લામાંથી સરકારી કર્મચારીઓ-અધિકારીઓ તથા પોલીસ સહિત ૨૩૭ વાહનોનાં ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસે ૧૧ વાહનો પણ ડીટેઈન કર્યા છે અને ૧૫ હજારનો દંડ વસુલ્યો છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

હાઈકોર્ટમાં થયેલી પીટીશનને પગલે અનઅધિકૃત લખાણો વાળા વાહનો પરથી લખાણો દુર કરવા ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ૨૭ ઓકટોબરથી ૩ નવેમ્બર સુધીની ઝુંબેશ રાખવામાં આવી હતી. ડ્રાઈવ દરમિયાન પ્રાદેશિક વાહન વ્યવહારના અધિકારીઓને પણ સાથે રાખવામાં આવ્યા હતા. જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ઝુંબેશ દરમિયાન પોલીસે ૨૩૭ વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂ. ૧૫ હજારનો દંડ વસુલ્યો છે તે ઉપરાંત ૧૧ વાહનચાલકો સામે ગુનો દાખલ કરીને વાહનો ડીટેઈન કર્યા છે. આગામી સમયમાં આ નિયમનો ભંગ કરનાર પોલીસ અધિકારી-કર્મચારીઓ તથા સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ વિરુધ્ધ પણ સખ્ત પગલા લેવામાં આવશે તેમ એલસીબી પી.આઈ. અશુતોષ પરમારે જણાવ્યું છે.

# આર.ટી.ઓ.માં લેટ ફીના બહાને એજન્ટે ખોટી રીતે પૈસા પડાવ્યા!

## ચોઈસ નંબર માટે લેટ ફી લાગુ ન પડતી હોવા છતાં પૈસા ઉઘરાવાય છે : એ.આર.ટી.ઓને ફરિયાદ

ગાંધીનગર, તા.૫

આર.ટી.ઓ. કચેરીમાં પસંદગીનો નંબર મેળવવા માટે લેટ ફીના બહાના હેઠળ એજન્ટો દ્વારા રૂ. ૧૦૦ની ખોટી રોકડી કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આજે પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જો કે આ મામલે એ.આર.ટી.ઓને લેખિતમાં ફરિયાદ અપાતા તેમણે કાયદેસરના પગલા લેવા તજવીજ હાથ ધરી છે.

શહેરના 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં ઝડપી અને પારદર્શક વહીવટી પ્રક્રીયા વધુ અસરકારક બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. થોડા સમય અગાઉ ફોર વ્હીલના નંબરો માટે નવી સીરીઝમાં નંબરો માટે હરાજીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જયારે રૂટીનમાં પણ વાહનોની નોંધણીના અંતે નિયત ફી વસુલી પસંદગીનો નંબર ઉપલબ્ધ હોય તેવા કિસ્સામાં અરજદારને ફાળવવામાં આવે છે. જેના ભાગરૂપે આર.ટી.ઓ. કચેરીમાં આજે એક અરજદારે ચોઈસ નંબર લેવા માટે એજન્ટ દ્વારા જરુરી પ્રક્રીયા હાથ ધરી હતી. આ દરમિયાન એજન્ટે લેટ ફી પેટે રૂ. ૧૦૦ વધુ લીધા હતા. વાહન નોંધણીના એક મહીના બાદ ચોઈસ નંબર મેળવવા માટે લેટ ફી ચુકવવાની થતી હોય છે પરંતુ આ કિસ્સામાં લેટ ફી લાગુ ન પડતી હોવા છતાં અરજદાર પાસેથીએજન્ટે પૈસા પડાવતા આખરે આ મામલે એ.આર.ટી.ઓને લેખિતમાં ફરિયાદ આપવામાં આવી હતી. એ.આર.ટી.ઓ. ઋત્વીકા દાણીએ અરજદારની રજૂઆતને ગંભીરતાથી લઈ એજન્ટની આ હરકત અંગે સંબંધિત ડીલરને પણ જાણ કરી હતી તેમજ યોગ્ય પગલા લેવા પણ ગતિવિધિઓ હાથ ધરી હતી.

# રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઈન્ટરનેશનલ યુથ લીડરશીપ ટ્રેનિંગ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૫

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ગુજરાતમાં સૌ પ્રથમવાર ઈન્ટરનેશનલ યુથ લીડરશીપ ટ્રેનિંગ સેમિનારનું આયોજન આગામી તા. ૨૪ થી ૨૮ નવેમ્બર દરમિયાન ઈડીઈ કેમ્પસ, ભાટ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિશ્વના ૧૭ દેશોમાંથી ૪૦ આંતરરાષ્ટ્રીય યુવા પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ ગ્લોબલ લીડરશીપ ટ્રેનિંગ સેમિનારનો મુખ્ય ઉદેશ અસરકારક નેતૃત્વ ઉભું કરીને વિશ્વને ઉજ્જવલિત કરવા તમો પરિવર્તક બનો (Be the change to light up the world) તેવો રહેલો છે, ૧૮ થી ૨૭ વર્ષના યુવાનો તેમાં ભાગ લઈને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો અને નિષ્ણાંત અનુભવી માર્ગદર્શકો સાથે વિચાર વિમર્શ કરીને સકારાત્મક, ઉન્નતિકારક, નવીનતાપૂર્ણ અને પ્રગતિશીલ ભવિષ્ય તરફ દોરી જનાર નેતૃત્વ અને જીવન ઘડતર જેવા વિવિધ વિષયો ઉપરનું જ્ઞાન મેળવીને તેઓના ક્ષેત્રમાં સિધ્ધિઓ હાંસલ કરીને ઉત્તમ નેતૃત્વ પ્રાપ્ત કરે તેવો ઉદ્દેશ રહેલો છે.

આ કાર્યક્રમમાં વિશ્વના ૧૭ દેશોમાંથી ૪૦ આંતરરાષ્ટ્રીય યુવા પ્રતિનિધિઓએ ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવેલ છે. સમગ્ર ભારતમાંથી અંદાજે ૩૦૦થી વધુ યુવા પ્રતિનિધિઓ ભાગ લેનાર છે. આ પાંચ દિવસના આંતરરાષ્ટ્રીય શિબિરમાં યુવાનો-યુવતીઓ તજજ્ઞો દ્વારા કલાસ રૂમ ઉપરાંત કેસ સ્ટડીઝ, ગૃપ વર્ક, ગૃપ એકટીવીટીઝ, ફિલ્ડ વીઝીટસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, મુવી બેઝડ લર્નિંગ, મોડેલ યુનાઈટેડ નેશન આઉટ બાઉન્ડ ટ્રેનીંગ, સ્પર્ધાઓના માધ્યમથી ઉચ્ચતમ કક્ષાની સઘન તાલીમ આપવામાં આવશે.

રોટરી કલબ ગાંધીનગરના યજમાન પદે યોજાનાર આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લિ. ગાંધીનગર સહપ્રાયોજક તરીકે જોડાઈને ઈન્ટરનેશનલ યુથ લીડરશીપ ટ્રેનિંગ સેમિનારને સફળ બનાવવા માટે સખત જહેમત ઉઠાવી રહ્યા છે. આ સેમિનારમાં જોડાવવા અને વધુ માહિતી માટે રોટરી કલબના પ્રમુખ દિલીપભાઈ પટેલનો (મો. ૯૮૯૮૫ ૨૭૪૮૪) પર સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૫૫૧



### આડી ચાવી

૧. પાટણી, આડણી (૪)
૪. ઘરના બારસાખે બાંધવામાં આવતા કાગળ-પાન વગેરેના હાર (૩)
૬. લાજ-મર્યાદા (૫)
૮. પારિતોષિક, બક્ષિસ (૩)
૧૦. ઉપયોગનું અંગ્રેજી (૨)
૧૨. રામની કથાનું નાટક (૪)
૧૪. મોટાઇ, પ્રૌઢતા (૩)
૧૭. મહાણ, સ્મશાન (૩)
૧૮. ઇન્ડિયા (૩)
૨૦. ઇશ્વરીય સંદેશ (૩)
૨૧. દેવું, ઋણ (૩)
૨૨. મરચા વગેરે ખાંડીને... બનાવાય (૩)
૨૩. વિચાર (૨)

### ઊભી ચાવી

૧. સાવકુ (૪)
૨. કપડા સીવવાનું કામ (૩)
૩. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૪. વજનનું એક માપ ખાસ કરીને સોના-ચાંદીમાં (૨)
૫. સતો... તમો ગુણ (૨)
૭. ચોખાની ધાણીના દાણા(૩)
૯. વિદેશ, પરદેશ (૪)
૧૧. રોશની, ઝળહળાટ (૫)
૧૩. મોટુ યુદ્ધ (કૌરવ-પાંડવોનું) (૫)
૧૫. લજામણી, લાજવંતી (૪)
૧૬. એક માટલા જેવું વાદ્ય(૨)
૧૯. રજોટી (૨)
૨૦. પતંગની દોરીઓનો કટાવ (૨)
૨૧. અહીં આવનું અંગ્રેજી, ઓછું (૨)

### શબ્દાવલી ૫૫૫૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) મજહબ (૫) નાચિજ (૮) ફરિયાદ (૯) જરાક (૧૦) તનમનીયું (૧૧) રત (૧૪) બસ (૧૬) રોપા (૧૭) રાફડો (૧૮) વડા (૧૯) ઘોરખોદીયું (૨૨) ટસર (૨૩) ડલ

**ઊભી ચાવી :-** (૧) મફલર (૨) જરી (૩) હયાત (૪) બદનશીબ (૫) નાજનીન (૬) ચિરાયુ (૭) જક (૧૨) તરફડાટ (૧૩) ચોપાનાયુ (૧૫) સફર (૧૭) રાવ (૧૯) ઘોર (૨૦) ખોડ (૨૧) દીલ

## આદર્શ ગામ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જો કે ગાંધીનગરમાં શૈક્ષણિક ક્ષેત્રે કોઈ પણ લેવા માટે તે તત્પર છે.

શ્રી રાવલે કહ્યું હતું કે સાંસદ તરીકે તેઓ પ્રથમ દહેગામની પાણીની સમસ્યા ઉકલે તે માટે પ્રયત્નશીલ છે. આ માટેનો સર્વે અને અન્ય કામગીરી સંપન્ન થઈ ગઈ છે. ખુબ જ ઝડપથી આ પ્રશ્ન ઉકલી જશે.

તેમણે જણાવ્યું હતું કે દહેગામ સહિત ગાંધીનગર (દ)ના ગ્રામ્ય વિસ્તારોમાં આંતર માળખાકીય કામગીરી ક્ષેત્રે ઘણું બધું કરવાની તેઓની ઈચ્છા છે અને તેની જરૂરિયાતોની અગ્રતાને ધ્યાને રાખી સાંસદ ગ્રાન્ટમાંથી તે માટે ફંડ ફાળવશે.

દહેગામ તાલુકાના પેટા પરાઓને જોડતા એપ્રોચ માર્ગ અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે ઘણું બધું કરવું છે અને તે કરીશું જ. તેમણે જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોની આંતર માળખાકીય સુવિધાઓના કામો ઝડપથી શરૂ કરાશે કારણ કે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ અને અહીં આનંદીબેનનું નેતૃત્વ છે.

વિકાસ એ બંને સરકારનું લક્ષ્ય છે. એટલે બધું ઝડપથી અને સારું જ થશે. આ એક સરસ તક છે.

અમદાવાદ-હિંમતનગર હાઈવે પર એક આધુનિક હોસ્પિટલ હોવીજોઈએ તે જરૂરિયાત તેમના ધ્યાને આવી હોવાનું પણ એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું.

દરમિયાન આજે ગાંધીનગરમાં શ્રી રાવલે રાજયના માર્ગ મકાન મંત્રીશ્રી નીતિન પટેલ સાથે પણ સ્વર્ણીમ સંકુલ ખાતે બેઠક કરી હતી.

આ પછી તેઓ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને પણ મળ્યા હતા. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શ્રી રાવલની વેબસાઈટ તેમજ મોબાઈલ એપનું લોચીંગ કર્યું હતું.

શ્રી રાવલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જેમ જેમ સમયની અનુકૂળતાઓ થશે તેમ તેમ તેઓ તેમના વિસ્તારનો પ્રવાસ કરશે. દિપાવલીના દિવસો તેમના વિસ્તારના કાર્યકરો સાથે ગાળવાની મઝા આવી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## ગેમીની ખાસ યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાર્ડનેસ, ફલોરાઈડ, ડિસોલ્વ્ડ ઓકિસજન, ટર્મિલીટી, ફલોરાઈડ તથા કલર સહીતના પરિક્ષણ કરવામાં આવશે. પાણીના પરિક્ષણ માટે ગેમી દ્વારા નિર્દિષ્ટ માત્રામાં એક લીટર પાણી ગેમીની લેબોરેટરીએ પહોંચાડવાનું રહેશે. પરિક્ષણના આધારે પાણીની ગુણવત્તામાં જો કોઈ ઉણપ હોય તો તે પણ દૂર થઈ શકશે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપિત આ સંસ્થાની રચના પાછળનો મુળભૂત વૈજ્ઞાનિક અને ટેકનિકલ અભ્યાસ હાથ ધરવાનો છે. રાજયના મુખ્ય સચિવ ડી.જે. પાંડિયન પણ સંસ્થામાં ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ